# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-07-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. સ્વચ્છ સર્વેક્ષણ 2024-25માં સ્વચ્છ શહેરોની શ્રેણીમાં 10 લાખથી વધુ વસ્તી ધરાવતું રાજ્યનું અમદાવાદ શહેર દેશભરમાં પ્રથમ ક્રમે
2. 10 લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં "સુપર સ્વચ્છ લીગ"માં સુરત શહેર બીજા ક્રમે
3. બનાસકાંઠાના મોટા પીપોદરા ગામમાં 29 આદિવાસી પરિવારોનું આજે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પુનર્વસન કરાવ્યુ
4. રાજકોટ જિલ્લાના પાદરિયા ગામના તળાવમાં ડૂબી જવાથી 3 બાળકનાં મોત
5. વરસાદનું જોર ઘટતા રાજ્યના મહત્તમ તાપમાનમાં આંશિક વધારાની શક્યતા

--------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# AHMEDAVAD SWACH SURVEY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે સ્વચ્છ સર્વેક્ષણ 202425 પુરસ્કારો એનાયત કર્યા. જેમાં સ્વચ્છ શહેરોની અલગ અલગ પાંચ શ્રેણીમાં 10 લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં રાજ્યનું  અમદાવાદ પ્રથમ ક્રમે રહ્યું છે. સુશ્રી મુર્મુએ રાજ્યના કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ, શહેરના મેયર અને મ્યુનિસિપલ કમિશ્નરને આ પુરસ્કાર એનાયત કર્યો.અમદાવાદ મહાનગર પાલિકાની ખાસ નીતિઓને પરિણામે અમદાવાદે આ અવ્વલ સ્થાન હાંસલ કર્યું છે. સાંભળીએ એક અહેવાલ..

( વોઇસ કાસ્ટ : મયુર સોલંકી )

. . . . . . . . . . .

# SURAT SWACH SURVEY

કેન્દ્ર સરકારના વાર્ષિક સ્વચ્છતા સર્વેક્ષણમાં સુરતે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. 10 લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં સુપર સ્વચ્છ લીગમાં સુરત શહેર દેશભરમાં બીજા ક્રમે રહ્યું છે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ:  લોપા દરબાર)

શહેરના મેયર દક્ષેશ માવાણીએ જણાવ્યુ કે મહાનગરપાલિકાના તમામ સ્ટાફની મહેનત, શહેરના લોકોની ભાગીદારી અને પ્રધાનમંત્રી

નરેન્દ્ર મોદી, કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનને કારણે, સુરતને આ વર્ષે ફરીથી એવોર્ડ મળ્યો છે.

(બાઇટ: દક્ષેશ માવાણી, મેયર)

. . . . . . . . . . .

# SWACH SURVEY - OTHER CITIES

સ્વચ્છ સર્વેક્ષણ પુરસ્કાર 2024-25માં 3 થી 10 લાખની વસ્તી ધરાવતા શહેરમાંથી સુપર સ્વચ્છ લીગ કેટેગરીમાં ગાંધીનગરને પણ સ્થાન મળ્યું છે. જ્યારે સ્વચ્છતાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કાર્ય બદલ વડોદરા અને કેન્દ્રશાસિત પ્રદેશ દમણને સ્વચ્છ સર્વેક્ષણ પુરસ્કારો 2025 હેઠળ "ઉભરતું સ્વચ્છ શહેર" તરીકે સન્માનિત કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . .

# BANASKANTHA KURIVAJ

બનાસકાંઠાના દાંતા તાલુકાના મોટા પીપોદરા ગામમાં 29 આદિવાસી પરિવારોનું ઐતિહાસિક પુનર્વસન થયું છે. ગામના કુરિવાજ ચડોતરુંના કારણે 12 વર્ષ પહેલા પોતાનું ગામ છોડીને ચાલ્યા ગયેલા 29 આદિવાસી પરિવારોના 300 સભ્યની ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આજે સ્વમાનભેર ઘરવાપસી કરાવી છે. આ પ્રસંગે શ્રી સંઘવીએ બનાસકાંઠા

પોલીસ વિભાગની સુરક્ષા સાથે સામાજિક કાર્યો માટે કરવામાં આવેલી પહેલને બિરદાવી હતી.

(બાઇટ : હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# RAJKOT DEATH

રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના પાદરિયા ગામના તળાવમાં ડૂબી જવાથી ૩ બાળકનાં મોત નીપજ્યાં છે. શ્રમિક પરિવારના છ, સાત અને આઠ વર્ષના ત્રણ બાળકો ભાવેશ, હિતેશ અને નિલેશ આજે સવારના સમયે તળાવમાં ન્હાવા પડ્યા હતા, જ્યાં ત્રણેય ડૂબી ગયા હતા. આ ઘટનાની જાણ થતા ગામના સરપંચ અને સ્થાનિક તરવૈયાઓએ

તેમને બહાર કાઢ્યા હતા. જોકે પાણીમાંથી બહાર નીકળ્યા ત્યાં સુધીમાં ત્રણે બાળકના મૃત્યુ થઈ ચૂક્યા હતા. ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા હતા.

. . . . . . . . . . .

# GPCC PRESIDENT

કોંગ્રેસ નેતા અમિત ચાવડાને ગુજરાત કોંગ્રેસ પ્રદેશના પ્રમુખ બનાવવામાં આવ્યા છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર તુષાર ચૌધરીને ગુજરાત વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા બનાવવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે કડી અને વિસાવદર વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીના પરિણામ બાદ શક્તિસિંહ ગોહિલે પ્રમુખપદેથી રાજીનામું આપ્યું હતું.

. . . . . . . . . . .

# VIDEO CONFERENCE USED BY JAIL

પોલીસ, જેલ અને ન્યાયપાલિકાના સંકલનથી કેદીઓને અદાલતમાં રજૂ કરવા માટે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમનો ઉપયોગ કરવામાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. હાલમાં, રાજ્યની જેલો ખાતે કુલ 83 વીડિયો કોન્ફરન્સિંગ સિસ્ટમ કાર્યરત છે.

જાન્યુઆરી થી જૂન-2024 દરમિયાન ગુજરાત જેલ વિભાગના તાબા હેઠળની તમામ જેલો દ્વારા 40 હજાર 633 કેદીઓને એટલે કે સરેરાશ 29 ટકા કેદીઓને વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી સંબંધિત અદાલતમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ આંકડો જાન્યુઆરી થી જૂન-2025 દરમિયાન વધીને સરેરાશ 41 ટકા થયો છે, એટલે કે કુલ 53 હજાર 672 કેદીઓને વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી સંબંધિત કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા છે.

. . . . . . . . . . .

# HSC RESULT

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ -12 સમાન્ય પ્રવાહમાં જૂન-જુલાઇ 2025 પૂરક પરીક્ષાનું 51.58 ટકા પરિણામ આવ્યું છે. પરીક્ષા માટે 40 હજાર 865 પરીક્ષાર્થીઓ નોંધાયા હતા. જેમાં 33 હજાર 731 વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. તે પૈકી 17 હજાર 397 પરીક્ષાર્થીઓ પ્રમાણપત્ર મેળવવાને પાત્ર થાય છે.

ઉપરાંત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ જૂન-જુલાઇ 2025 માં યોજાયેલ ધોરણ 10 અને સંસ્કૃત પ્રથમાની પૂરક પરીક્ષાનું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઇટ પર આવતીકાલે સવારે 9 વાગ્યે જાહેર કરાશે, જેની શાળાના આચાર્યશ્રીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

. . . . . . . . . . .

# WEATHER FORECAST

વરસાદનું જોર ઘટતા રાજ્યના મહત્તમ તાપમાનમાં આંશિક વધારાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર મહત્તમ તાપમાનમા 1 થી 2 ડીગ્રીનો વધારો થઈ શકે છે. આગામી 7 દિવસ રાજ્યમાં વરસાદનું કોઈ એલર્ટ નથી. પરંતુ રાજ્યમાં છૂટોછવાયો વરસાદ થવાની શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડો. એ.કે દાસે જણાવ્યુ હતું.

(બાઇટ: ડો. એ.કે દાસ, હવામાન વિભાગના નિયામક)

. . . . . . . . . . .

# KUTCH – BHUKAMP

કચ્છની ધરતી પર આજે ફરી ભૂકંપનો આંચકો નોંધાયો હતો. ભચાઉ નજીક 3.2 ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે બપોરે એક વાગેને સાત મિનિટે અનુભવાયેલા ભૂકંપના આંચકાનું કેન્દ્રબિંદુ ભચાઉથી 11 કિલોમીટર દૂર નોંધાયું હતું.

. . . . . . . . . . .

# MEHSANA – STOPPAGE

મહેસાણા જિલ્લાના ઊંઝા રેલવે મથક ખાતે બે ટ્રેનના સ્ટોપેજ આપવામાં આવ્યા છે. અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે આ મથક પર લાલઘર-દાદર એક્સપ્રેસ તેમજ અજમેર-મૈસૂર એક્સપ્રેસ એમ બે ટ્રેન ઉભી રહેશે. જેનાથી ઊંઝાના વેપારીઓને રાજસ્થાન અને મુંબઈ પરિવહનનો લાભ મળશે.

. . . . . . . . . . .

## CHHOTAUDEPUR- Diversion

છોટાઉદેપુર જિલ્લા કલકેટર ગાર્ગી જૈનના માર્ગદર્શનમાં માર્ગો, પુલો, નાળાની સમારકામની કામગીરી કરવામાં આવી રહી છે. માર્ગ અને મકાન વિભાગ સ્ટેટના કાર્યપાલક ઇજનેર વિકાસ મેકવાને જણાવ્યું કે, જેતપુર પાવી તાલુકાના ભીંડોર, સલોદ, ઝાબ રોડ પુલનું કામ ચાલુ હોવાથી તેના વૈકલ્પિક વ્યવસ્થા ભાગરૂપે ડાયવર્ઝન બનાવવામાં આવ્યુ હતું. જિલ્લામાં ભારે વરસાદના કારણે આ ડાયવર્ઝનને નુકશાન થયુ હતું. આ ક્ષતિગ્રસ્ત ડાઇવઝનની મરામત કામગીરી હાથ ધરી ડાયવર્ઝન પર વાહનવ્યવહાર પુન: કાર્યરત કરવામાં આવ્યો હતો.

. . . . . . . . . . .

## BHARUCH-EK PAD MA NAAM

ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના ડેહલી ગામે આજે "એક પેડ માં કે નામ 2.0" અભિયાન અંતર્ગત રાજ્યના વન, પર્યાવરણ, જળસંપત્તિ

અને પાણી પુરવઠા મંત્રી મુકેશ પટેલના અધ્યક્ષપદે બે હેક્ટર જમીનમાં વૃક્ષારોપણ કરાયું હતું.

કાર્યક્રમમાં મહાનુભાવો, આગેવાનો, શાળાના વિદ્યાર્થીઓ, એસઆરપીએફ કેમ્પ, સીઆરપીએફ કેમ્પના જવાનો, એનસીસી કેડેટ, પોલીસ જવાનો, સખીમંડળો, મોટી સંખ્યામાં માતાને નામે મિયાવાંકી પધ્ધતિથી વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . .